# કચ્છમાં ગુજરાત-આસામની ભાગીદારી, 2,300 કરોડનું રોકાણ થશે

**કંડલા** દીનદયાળ પોર્ટ ખાતે 150 TPD ઈ-મિથેનોલ પ્લાન્ટનો શિલાન્યાસ

**3,500થી** વધુ પ્રત્યક્ષ-પરોક્ષ રોજગારીની તકો સર્જાશે

ગાંધીનગરઃ ગુજરાત અને આસામ વચ્ચેની ઔદ્યોગિક ભાગીદારીને નવી ઊંચાઈ આપતા કચ્છના ગાંધીધામ ખાતે 2,300 કરોડના ખર્ચે 150 TPD ક્ષમતાના ઈ-મિથેનોલ પ્લાન્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. દીનદયાળ પોર્ટ ઓથોરિટી અને આસામ પેટ્રો-કેમિકલ્સ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે આકાર લેનારો આ પ્રોજેક્ટ ગ્રીન ફ્યુઅલ અને ગ્રીન શિપિંગ ક્ષેત્રે મહત્વપૂર્ણ પહેલ બની શકે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ શિલાન્યાસ કરતાં કંડલાને ગ્રીન એનર્જી અને મેરિટાઈમ ટ્રાન્ઝિશનના નવા કેન્દ્ર તરીકે વિકસાવવાની દિશામાં વધુ એક મોટું પગલું ભરાયું છે. કાર્યક્રમમાં કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ ગુજરાતની મેરિટાઈમ સ્ટ્રેન્થ અને આસામની ઈન્ડસ્ટ્રીયલ કેપિસિટીના સંયોજનનું ઉદાહરણ છે. ભારત ગ્રીન હાઈડ્રોજન, ગ્રીન મિથેનોલ અને ગ્રીન શિપિંગ જેવી નવી ઊર્જા વ્યવસ્થાઓ તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે ત્યારે કંડલા ખાતેનો આ પ્રોજેક્ટ ગ્રીન એનર્જીના વિઝનને નવી દિશા આપશે.

### જહાજોને મળશે ગ્રીન મરિન ફ્યુઅલ

કંડલા ખાતે ગ્રીન મિથેનોલનું ઉત્પાદન અને બંકરિંગ સુવિધા ઊભી થવાથી જહાજોને ક્લીનર મરીન ફ્યુઅલ ઉપલબ્ધ કરાવવાનું માળખું તૈયાર થશે. ભારતનો મોટાભાગનો વેપાર દરિયાઈ માર્ગે થતો હોવાથી પોર્ટ અને શિપિંગ ક્ષેત્રનું ડિકાર્બનાઈઝેશન મહત્વનું છે. આ પ્રોજેક્ટ દરિયાઈ પરિવહનમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવાની દિશામાં ઉપયોગી બની શકે છે. 150 ટન પ્રતિ દિવસની ક્ષમતાવાળો આ પ્લાન્ટ કાર્યરત થયા બાદ દૈનિક 150 ટન ઈ-મિથેનોલનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવશે. આયાતી ફોસિલ ફ્યુઅલ પરની નિર્ભરતા ઘટાડવા તેમજ સ્વચ્છ ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહન આપવાની દિશામાં પણ પ્રોજેક્ટ મહત્વનો બની રહેશે.

### કચ્છને 3,500થી વધુ રોજગારીની તકો

અંદાજે ₹2,300 કરોડના મૂડીરોકાણથી વિકસાવવામાં આવનારા પ્લાન્ટથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે 3,500થી વધુ રોજગારીની તકો સર્જાવાની શક્યતા છે. સ્થાનિક યુવાનો, એન્જિનિયરો અને ટેક્નિકલ વર્કફોર્સ ઉપરાંત લોજિસ્ટિક્સ, ટ્રાન્સપોર્ટેશન, સપ્લાય ચેઇન સાથે સંકળાયેલા વેપારીઓ અને શ્રમિકોને પણ તેનો લાભ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના બદલાયેલા ઔદ્યોગિક પરિદ્દશ્યનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, એક સમયે પડકારોની ભૂમિ તરીકે ઓળખાતા કચ્છની ઓળખ બદલાઈ છે. કચ્છમાં રિન્યુએબલ એનર્જી, ઉદ્યોગ અને પોર્ટ સાથે હવે ગ્રીન ફ્યુઅલનો નવો અધ્યાય જોડાઈ રહ્યો છે.

# ચીફ જસ્ટિસ સૂર્યકાંતે ચીફ ઈલેક્શન કમિશનરની પુત્રીની ખોટી રીતે તરફેણ કરીને વિવાદ પેદા કર્યો છે



ટુ ધ પોઈન્ટ
■ સંજય વોરા ■

ભારતની લોકશાહીના જે ચાર મુખ્ય પાયા છે, તે પૈકી સંસદ અને કારોબારી ઉપર તો શાસક પક્ષનો સંપૂર્ણ એકાધિકાર સ્થાપિત થઈ ગયો છે. લોકશાહીની ચોથી જાગીર ગણાતા મીડિયાને શાસક પક્ષે સંપૂર્ણપણે પોતાના નિયંત્રણમાં લઈ લીધું છે, જેને કારણે ગોદી મીડિયાની વિશ્વસનીયતા ખતમ થઈ ગઈ છે. હવે લોકશાહીનો ત્રીજો પાયો ગણાતું ન્યાયતંત્ર પણ શાસક પક્ષનું વાજિંત્ર બની ગયું હોય તેવા તમામ નિર્દેશો પ્રાપ્ત થઈ રહ્યા છે, કારણ કે સુપ્રીમ કોર્ટના જજ સાહેબો પણ શાસક પક્ષના કોઈ પણ નિર્ણય વિરુદ્ધ ચુકાદાઓ આપવાનું ટાળી રહ્યા છે, જેનું તાજામાં તાજું ઉદાહરણ મુખ્ય ચૂંટણી આયુક્ત જ્ઞાનેશકુમારની IAS પુત્રીનો કેસ છે.

ભારતના ચીફ ઇલેક્શન કમિશનર જ્ઞાનેશકુમાર તેમના ભાજપતરફી ઝોક માટે બહુ બદનામ થઈ ગયા છે. તાજેતરમાં ઇન્ડિયન એક્સપ્રેસના હેવાલને પગલે જ્ઞાનેશકુમાર દ્વારા આચરવામાં આવેલાં ગેરબંધારણીય કરતૂતો બહાર આવ્યાં છે, જેને કારણે તેમની સામે મહાભિયોગનો પ્રસ્તાવ લાવવાની વિચારણા વિપક્ષો કરી રહ્યા છે. આ માહોલમાં જ્ઞાનેશકુમારની પુત્રી મેધા રૂપમનું પ્રકરણ બહાર આવતાં સર્વોચ્ચ અદાલત શંકાના દાયરામાં આવી ગઈ છે.

મેધા રૂપમ નોઈડાનાં ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવી રહ્યાં છે. તેમણે થોડા સમય પહેલાં દિલ્હી યુનિવર્સિટીની વિદ્યાર્થિની આકૃતિ ચૌધરી પર સરકાર સામે આંદોલન કરવા બદલ રાષ્ટ્રીય સુરક્ષા ધારા હેઠળ ખોટો કેસ કરીને તેને જેલમાં ધકેલી દીધી હતી. આકૃતિ ચૌધરીએ તેની સામે અલાહાબાદ હાઈ કોર્ટમાં અરજી કરી હતી. હાઈ કોર્ટે આકૃતિ ચૌધરીની અટકાયત ગેરકાયદે જાહેર કરીને મેધા રૂપમને તેમના પગારમાંથી પાંચ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. મેધા રૂપમે અલાહાબાદ હાઈ કોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટમાં મેધા રૂપમ માટે મોસાળમાં જમવાનું અને મા પીરસનારી જેવો ઘાટ હતો. સુપ્રીમ કોર્ટે મેધા રૂપમને તાત્કાલિક રાહત આપતાં અલાહાબાદ હાઈ કોર્ટના આદેશને સ્ટે કરી દીધો હતો, પણ આ કામ જે રીતે કરવામાં આવ્યું તેને કારણે મોટો વિવાદ પેદા થયો છે. આ ચુકાદામાં સુપ્રીમ કોર્ટ દ્વારા મેધા રૂપમનો પક્ષપાત કરાયો હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ માસ્ટર રોસ્ટર તરીકે પણ ઓળખાય છે. તેમની સત્તા ક્યા કેસની ફાળવણી ક્યા જજને કરવી તે નક્કી કરવાની હોય છે. આ સત્તાનો ઉપયોગ તેઓ બિનપક્ષપાતી રીતે કરે અને ન્યાયના શ્રેષ્ઠ હિતમાં કરે, તેવી અપેક્ષા તેમની પાસે રાખવામાં આવતી હોય છે. મેધા રૂપમનો કેસ મહિલા જસ્ટિસ નાગરત્નેની બેન્ચ સમક્ષ આવવાનો હતો, જેઓ નિષ્પક્ષપાતી હોવાનું માનવામાં આવે છે. વળી તેઓ આગામી ચીફ જસ્ટિસ પણ બનવાનાં છે. જો જસ્ટિસ નાગરત્ને પાસે મેધા રૂપમનો કેસ આવ્યો હોત તો તેઓ અલાહાબાદ હાઈ કોર્ટના ચુકાદા સામે સ્ટે ઓર્ડર નહીં આપે તેવી તમામ સંભાવના હતી, કારણ કે તેઓ અગાઉ અન્ય કેસમાં કોમેન્ટ કરી ચૂક્યા છે કે સરકાર સામે આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ કંઈ આતંકવાદી નથી; માટે તેમની સામે રાષ્ટ્રીય સુરક્ષા ધારાનો ઉપયોગ ન કરવો જોઈએ. આ વાત છેક છેલ્લી ઘડીએ ચીફ જસ્ટિસ સૂર્યકાંતના ધ્યાન ઉપર લાવવામાં આવી ત્યારે તેમણે રોસ્ટર બદલી નાંખ્યું અને મેધા રૂપમનો કેસ જસ્ટિસ સતીશચંદ્ર શર્મા અને એન. કોટિશ્વર સિંહની બેન્ચને ફાળવી દીધો. આ બેન્ચે કેસની ત્વરિત સુનાવણી કરી અને મેધા રૂપમની તરફેણમાં સ્ટે ઓર્ડર આપી દીધો. મેધા રૂપમ ચીફ ઇલેક્શન કમિશનર જ્ઞાનેશકુમારની પુત્રી હોવાથી ચીફ જસ્ટિસ સૂર્યકાંત દ્વારા તેની તરફેણ કરવામાં આવી હતી, તેવું સ્પષ્ટ જણાઈ આવતાં દેશભરમાં ભારે રોષ પેદા થયો જણાય છે.

સુપ્રીમ કોર્ટમાં સીઈસી જ્ઞાનેશકુમારની પુત્રી અને નોઈડાનાં ડીએમ મેધા રૂપમ સાથે સંકળાયેલા કેસની ટર્ન-ઓફ-ટર્ન લિસ્ટિંગ સામે લોયર્સ એસોસીએશન ફોર ધ કોન્સ્ટિટ્યુશને વાંધો ઉઠાવ્યો છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતને લખેલા ખુલ્લા પત્રમાં સંગઠને આરોપ લગાવ્યો છે કે કેસની ટર્ન-ઓફ-ટર્ન લિસ્ટિંગ ન્યાયિક પ્રક્રિયા પર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. સુનાવણી દરમિયાન જે રીતે કેસની સુનાવણી કરવામાં આવી હતી અને વીડિયો કોન્ફરન્સિંગ સુવિધાને મ્યૂટ કરવામાં આવી હતી તે ન્યાયિક પ્રક્રિયા પર લોકોના વિશ્વાસ પર પ્રશ્નો ઊભા કરે છે. સામાન્ય રીતે સુપ્રીમ કોર્ટમાં કોઈ વ્યક્તિની અંગત જિંદગીની ચર્ચા ચાલતી હોય ત્યારે જ ઓડિયો મ્યૂટ કરવામાં આવે છે. મેધા રૂપમના કેસમાં અંગત જિંદગીનો કોઈ મુદ્દો જ નહોતો. લોયર્સ એસોસીએશન ફોર ધ કોન્સ્ટિટ્યુશને જણાવ્યું હતું કે જે રીતે કેસની યાદી બનાવવામાં આવી છે તે ગંભીર જાહેર ચિંતાનો વિષય છે. સંગઠને જણાવ્યું હતું કે ખાસ કરીને ચોક્કસ બેન્ચ સમક્ષ કેસની યાદી ન્યાયિક પ્રક્રિયામાં વિશ્વાસ વધારવાને બદલે કાનૂની સમુદાયમાં પ્રશ્નો ઊભા કરે છે. આ કેસ NSA હેઠળ એક વિદ્યાર્થિનીની અટકાયતનો છે. સુપ્રીમ કોર્ટમાં હાલની રોસ્ટર સિસ્ટમને જોતાં આ કેસ નિયમિતપણે તે બેન્ચ સમક્ષ આવતો નથી. સંગઠનના જણાવ્યા મુજબ એવું લાગે છે કે તેને ખાસ કરીને ચોક્કસ બેન્ચને સોંપવામાં આવ્યો હતો. સંગઠને એ પણ નોંધ્યું હતું કે આ કેસમાં અરજદાર એક સરકારી અધિકારી અને ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારની પુત્રી છે.

આ મહિનાની શરૂઆતમાં અલાહાબાદ હાઈકોર્ટે દિલ્હી યુનિવર્સિટીની ૨૪ વર્ષીય કાયદાની વિદ્યાર્થિની અને સામાજિક કાર્યકર્તા આકૃતિ ચૌધરીની અટકાયત બદલ પોલીસ અને વહીવટી અધિકારીઓને દંડ ફટકાર્યો હતો. હાઈકોર્ટની બેન્ચે તથ્યોની સ્પષ્ટ બનાવટ કરવાનો આદેશ આપ્યો હતો અને નિર્દેશ આપ્યો હતો કે તેના નિર્ણયને આ અધિકારીઓના સર્વિસ રેકોર્ડનો ભાગ બનાવવામાં આવે. આ નિર્ણયમાં રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (NSA) હેઠળ આકૃતિ ચૌધરીની અટકાયતને ખોટી ગણાવવામાં આવી હતી. NSA હેઠળ રાષ્ટ્રીય સુરક્ષા અથવા જાહેર વ્યવસ્થા માટે ખતરો ધરાવતા કેસોમાં કોઈ પણ વ્યક્તિને ટ્રાયલ વિના અટકાયતમાં રાખવાની મંજૂરી છે. પરંતુ કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે NSA હેઠળ નિવારક અટકાયત એક અપવાદ છે અને તેનો ઉપયોગ સામાન્ય કાયદાના વિકલ્પ તરીકે થઈ શકતો નથી. જસ્ટિસ અચલ સચદેવ અને અતુલ શ્રીધરનની બે સભ્યોની બેન્ચે આકૃતિ ચૌધરીને પાંચ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપ્યો હતો.

હાઈ કોર્ટે આદેશ આપ્યો કે આ રકમ નોઈડાનાં જિલ્લા મેજિસ્ટ્રેટ મેધા રૂપમ અને અટકાયતનો આદેશ જારી કરનારા અધિકારીઓના પગારમાંથી વસૂલ કરવામાં આવે. મઝદૂર બ્યુગલ અખબાર માટે વિરોધ પ્રદર્શનોનું રિપોર્ટિંગ કરતી વખતે આકૃતિ આ વિરોધ પ્રદર્શનો સાથે સંકળાયેલી હતી. આકૃતિ ચૌધરી વિદ્યાર્થી અને કામદારોના અધિકારો સાથે સંબંધિત સંસ્થાઓ સાથે સ્વયંસેવક તરીકે પણ કામ કરે છે. કામદારોના વિરોધ પ્રદર્શનમાં જોડાવાનું કારણ પૂછવામાં આવતાં આકૃતિએ કહ્યું કે વિરોધ કરનારાઓ એ લોકો છે જે આપણા દેશનું નિર્માણ કરે છે. તેઓ મોંઘવારી અને શોષણમાંથી રાહત જેવી ખૂબ જ મૂળભૂત બાબતોની માંગણી કરી રહ્યા છે.

લોયર્સ એસોસીએશન ફોર ધ કોન્સ્ટિટ્યુશને લખ્યું છે કે આ કેસ એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે અરજદાર એક જાહેર સેવક છે અને ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારની પુત્રી છે. સંગઠનના કન્વીનર સુભાષ ચંદ્રાએ જણાવ્યું હતું કે સામાન્ય સંજોગોમાં નોઈડા જિલ્લા મેજિસ્ટ્રેટને લગતો કેસ જસ્ટિસ નાગરત્નેની અધ્યક્ષતાવાળી બેન્ચ સમક્ષ ચાલવો જોઈતો હતો. સામાન્ય રીતે કોઈ પણ કેસ સંબંધિત તમામ મુદ્દાઓ તે જ બેન્ચ સમક્ષ જાય છે જે તે કેસની સુનાવણી કરી રહી છે. આ મામલો ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્માની બેન્ચ સમક્ષ અન્યાયી રીતે સૂચિબદ્ધ કરવામાં આવ્યો હતો, જેમાં રોસ્ટરને બાયપાસ કરવામાં આવ્યો હતો. ન્યાયાધીશે માઇક્રોફોન પણ બંધ કરી દીધો હતો અને જનતા તેમજ પત્રકારોની એક્સેસ પ્રતિબંધિત કરી હતી, જેમને હાલમાં કોર્ટમાં પ્રવેશવાની મંજૂરી નથી અને તેમને ફક્ત ઓનલાઈન સુનાવણી સાંભળવાની મંજૂરી છે. સુપ્રીમ કોર્ટના જાણીતા વકીલ પ્રશાંત ભૂષણે પણ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર આ બાબતનો ઉલ્લેખ કર્યો છે અને સુપ્રીમ કોર્ટમાં શું ચાલી રહ્યું છે તે લખ્યું છે. કોક્રોચ જનતા પાર્ટીના સહ-સંયોજક સૌરવ દાસે લખ્યું કે ન્યાયતંત્રમાં આવા કેસથી ન્યાયની આશા જાગતી નથી.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**સીઈસી જ્ઞાનેશકુમારની પુત્રી અને નોઈડાનાં ડીએમ મેધા રૂપમ સાથે સંકળાયેલા કેસના ટર્ન-ઓફ-ટર્ન લિસ્ટિંગ સામે લોયર્સ એસોસીએશન ફોર ધ કોન્સ્ટિટ્યુશને વાંધો ઉઠાવ્યો છે**

# ગાંધીનગર મનપા ચૂંટણી: કોંગ્રેસે 44 ઉમેદવારોને ગુપ્ત સ્થળે ખસેડી લીધા

**29** સપ્ટેમ્બર સુધી ઉમેદવારી પાછી ખેંચાય નહીં ત્યાં સુધી ઉમેદવારો પરિવાર સાથે રહેશે

ગાંધીનગરઃ ગાંધીનગર મહાનગરપાલિકાની 11 વોર્ડની 44 બેઠકોની ચૂંટણીમાં ઉમેદવારી પ્રક્રિયા પૂર્ણ થતાં જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ખાસ કરીને કોંગ્રેસે પોતાના તમામ 44 ઉમેદવારોને ઉમેદવારી પત્ર પરત ખેંચવાની અંતિમ તારીખ સુધી ‘સુરક્ષિત’ રાખવા માટે ગુપ્ત સ્થળે ખસેડ્યા હોવાના દાવાને પગલે ભાજપ-કોંગ્રેસ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર શરૂ થયો છે. કોંગ્રેસના જણાવ્યા મુજબ ઉમેદવારોને પરિવાર સાથે અલગ-અલગ સ્થળે રાખવામાં આવ્યા છે અને 29 સપ્ટેમ્બર સુધી તેઓ ત્યાં રહેશે. બીજી તરફ ભાજપે કોંગ્રેસને પોતાના જ ઉમેદવારો પર વિશ્વાસ ન હોવાનો આક્ષેપ કર્યો છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા લલિત કગથરાના જણાવ્યા મુજબ કોઈ ઉમેદવારને બળજબરીથી ક્યાંય લઈ જવાયા નથી અને તમામ ઉમેદવારો સ્વેચ્છાએ પરિવાર સાથે ગયા છે. ભાજપના દબાણ અને માનસિક ત્રાસથી બચવા માટે ઉમેદવારોએ આ નિર્ણય લીધો હોવાનો તેમનો આક્ષેપ છે. કોંગ્રેસના નેતા નૌશાદ સોલંકીએ પણ ભાજપ પર ચૂંટણીમાં પ્રપંચ અને મતદારોના મતોની ચોરીના આક્ષેપો કરી કોંગ્રેસને પોતાના ઉમેદવારો પર સંપૂર્ણ વિશ્વાસ હોવાનું જણાવ્યું છે. કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઉમેદવારોને અલગ-અલગ સ્થળે રાખવાની જવાબદારી ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલ અને પૂર્વ ધારાસભ્ય નૌશાદ સોલંકીને સોંપવામાં આવી છે. ખાસ કરીને વોર્ડ નંબર-7ની જવાબદારી ડૉ. કિરીટ પટેલને સોંપાઈ હોવાનું જણાવાયું છે. જોકે, ઉમેદવારોને ગુપ્ત સ્થળે રાખવાના કોંગ્રેસના દાવાની સ્વતંત્ર પુષ્ટિ મળી નથી.

### ભાજપનો વળતો પ્રહાર

કોંગ્રેસના આ દાવા સામે ભાજપના નેતાઓએ પણ આકરા પ્રહાર કર્યા છે. ભાજપના નેતા કેતન પટેલે કોંગ્રેસ પોતાના ઉમેદવારોને સાચવી શકવાની સ્થિતિમાં ન હોવાનો આક્ષેપ કરતાં ભાજપ દ્વારા કોઈ ઉમેદવાર પર દબાણ કરવામાં આવતું ન હોવાનું જણાવ્યું છે. ભાજપના નેતા આશિષ દવેએ પણ કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણ હોવાનું કહી ઉમેદવારો ફોર્મ પરત ખેંચી લેશે તેવો ભય કોંગ્રેસને સતાવતો હોવાનો દાવો કર્યો છે. દરમિયાન ગાંધીનગર મનપાની ચૂંટણી માટે ભાજપે તમામ 11 વોર્ડની 44 બેઠકો માટે ઉમેદવારો જાહેર કરી દીધા છે. બાકી રહેલા વોર્ડ નંબર-2, 4 અને 6ના 12 ઉમેદવારોની યાદી જાહેર થતાં ભાજપનું ઉમેદવારચિત્ર સંપૂર્ણ થયું છે. કોંગ્રેસે પણ ઉમેદવારીનો તબક્કો પૂર્ણ કર્યો છે, જ્યારે આમ આદમી પાર્ટી પણ મેદાનમાં છે. ચૂંટણી આમ ત્રિપાંખિયા મુકાબલાનું સ્વરૂપ લઈ રહી છે.

### હવે 29મીએ ચિત્ર સ્પષ્ટ થશે

રાજ્ય ચૂંટણી પંચના કાર્યક્રમ મુજબ ગાંધીનગર મનપાની 44 બેઠકો માટે 26 સપ્ટેમ્બર ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ છે, 28 સપ્ટેમ્બરે ફોર્મની ચકાસણી થશે અને 29 સપ્ટેમ્બરે ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખ છે. ત્યારબાદ ચૂંટણી મેદાનમાં રહેલા ઉમેદવારોનું અંતિમ ચિત્ર સ્પષ્ટ થશે. 11 ઓક્ટોબરે મતદાન અને 13 ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે.આથી હાલ ગાંધીનગર મનપાની ચૂંટણીમાં મુખ્ય સવાલ માત્ર કોણ જીતશે તેનો નહીં, પરંતુ 29 સપ્ટેમ્બર સુધી કેટલા ઉમેદવારો મેદાનમાં ટકી રહે છે તેનો પણ બની ગયો છે. કોંગ્રેસના ઉમેદવારોને ગુપ્ત સ્થળે રાખવાના દાવાએ ચૂંટણી પહેલાં જ ગાંધીનગરના રાજકારણમાં નવો સસ્પેન્સ ઊભો કર્યો છે.

# શ્રમિક-કર્મચારીનાં સંતાનો માટે ESICમાં 887થી વધુ બેઠક અનામત

ગાંધીનગરઃ ખાનગી મેડિકલ કોલેજોની લાખો રૂપિયાની ફી વચ્ચે શ્રમિક અને કર્મચારી પરિવારોના તેજસ્વી સંતાનો માટે ડૉક્ટર બનવાનું સપનું સાકાર કરવાનો એક સસ્તો અને સીધો માર્ગ ઉપલબ્ધ બન્યો છે. કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) દ્વારા વીમિત કર્મચારીઓના બાળકો માટે દેશભરની વિવિધ તબીબી અને અન્ય આરોગ્યલક્ષી શૈક્ષણિક સંસ્થાઓમાં 887થી વધુ બેઠકો અનામત રાખવામાં આવી છે. ગુજરાતમાં અમદાવાદની ESIC મેડિકલ કોલેજ ખાતેની કુલ 50 MBBS બેઠકોમાંથી 25 બેઠકો વીમિત કર્મચારીઓના સંતાનો માટે અનામત છે. વર્ષ 2012થી અમલમાં આવેલી આ વિશેષ યોજના હેઠળ દેશની 17 મેડિકલ, 2 ડેન્ટલ, 2 નર્સિંગ અને 3 સરકારી કોલેજોમાં વીમિત કર્મચારીઓના સંતાનો માટે 695 MBBS, 28 BDS, 60 B.Sc. નર્સિંગ અને 104 પેરામેડિકલ બેઠકો ઉપલબ્ધ છે. અમદાવાદની ESIC મેડિકલ કોલેજ, નરોડા-બાપુનગરમાં ગત વર્ષે અનામત તમામ બેઠકો ભરાઈ ગઈ હતી, જ્યારે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં આશરે 28 બેઠકો પર પ્રવેશ આપવામાં આવ્યો છે. આ યોજનાની સૌથી મોટી વિશેષતા તબીબી શિક્ષણની ઓછી ફી છે.

## BUSINESS મિત્ર

# નિફ્ટીમાં સતત સાતમા અઠવાડિયે ગાબડું

**FII** એ રૂ. 18,500 કરોડ ઉપાડ્યા

**બજાર** માટે આગામી સપ્તાહ કસોટીભર્યુંઃ ક્રૂડ, યુએસ-ઈરાન વિવાદ અને ફેડના સંકેતો પર રોકાણકારોની નજર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 26ઃ નિફ્ટીમાં સતત સાતમાં સપ્તાહમાં ઘટાડો નોંધાયો છે. છ વર્ષમાં આ પહેલીવાર છે જ્યારે ઈન્ડેક્સમાં આટલો લાંબો સાપ્તાહિક ઘટાડો જોવા મળ્યો છે. અમેરિકાએ ઈરાનના ડીલને ફગાવી દીધી હોવાના અહેવાલના પગલે આવનારા સમયમાં ફરીથી મીડલ ઈસ્ટમાં યુદ્ધના ભણકારા વાગ્યા છે જેના પરિણામે ક્રુડ ઓઈલના ભાવ ફરીથી ઉછળે તેવી સંભાવનાએ શેરબજાર ડગમગી શકે છે, અને ઘટાડો આગળ વધી શકે છે.

આવતા અઠવાડિયે રોકાણકારો ક્રુડ ઓઈલના ભાવ, યુએસ-ઈરાનના વિકાસ, યુએસ બોન્ડ યીલ્ડ અને એફઆઈઆઈ એક્ટિવિટી પર નજર રાખશે. સ્થાનિક સ્તરે અર્થતંત્રની વૃદ્ધિની ગતિનું મૂલ્યાંકન ઔદ્યોગિક ડેટા પરથી કરવામાં આવશે.

એક મહત્વપૂર્ણ બજાર ઘટના છે. જોકે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ આ જ સમયગાળામાં ખરીદી ચાલુ રાખી હતી અને સપ્તાહના અંતે ક્રુડના ભાવમાં નરમાશ આવવાથી બજારને થોડી રાહત મળી હતી. આગામી દિવસોમાં, વૈશ્વિક સંકેતો, ક્રુડના ભાવ, વિદેશી મૂડીનો પ્રવાહ અને સ્થાનિક આર્થિક ડેટા બજારની દિશા નક્કી કરતા મુખ્ય પરિબળો હશે.

ગયા સપ્તાહના અંતે ઓઈલના ભાવમાં નરમાશ અને નીચા સ્તરે ખરીદીને કારણે નિફ્ટીને થોડો ટેકો મળ્યો હતો, પરંતુ સાપ્તાહિક નુકસાનને રિવર્સ કરવા માટે તે પૂરતું ન હતું. સાત સપ્તાહનો ઘટાડો એવા સમયે આવ્યો છે જ્યારે બજાર પહેલાથી જ વૈશ્વિક જોખમો વચ્ચે વિદેશી મૂડીના દબાણનો સામનો કરી રહ્યું છે.

25 સપ્ટેમ્બર સુધી તેમણે આ મહિને લગભગ 18531 કરોડ રૂપિયા ઉપાડ્યા છે. તેનાથી વિપરીત, ડીઆઈઆઈએ લગભગ 52617 કરોડ રૂપિયાની ખરીદી કરી હતી, જેના કારણે બજારમાં વિદેશી વેચાણની અસર થોડી ઓછી થઈ હતી, પરંતુ નિફ્ટીનો સાપ્તાહિક ઘટાડો અટકી શક્યો નથી.

એફઆઈઆઈના વેચાણની અસર પણ નોંધપાત્ર છે કારણ કે વૈશ્વિક રોકાણકારો સામાન્ય રીતે વિવિધ દેશોના બજારોમાં મૂડી ફાળવે છે. યુએસ બોન્ડ્સમાંથી વધતા વળતરથી ઉભરતા બજારોમાંથી મૂડી ખસેડવાનું દબાણ વધી શકે છે. આની અસર શેરના ભાવ અને બજારના સેન્ટિમેન્ટ બંને પર પડે છે.

ક્રુડ ઓઈલ આ સમયે ભારતીય બજાર માટે મોટો ખતરો છે. બ્રેન્ટ ક્રૂડ 105થી 106 ડોલર પ્રતિ બેરલની આસપાસ રહે છે.

એલિવેટેડ ઓઈલ ભારત માટે ચિંતાનું કારણ છે કારણ કે તે આયાત બિલમાં વધારો કરી શકે છે અને ફુગાવા પર દબાણ લાવી શકે છે. કંપનીઓ માટે પણ, મોંઘા બળતણ અને કાચા માલની કિંમત નફાના માર્જિનને અસર કરી શકે છે.

બીજી તરફ, સપ્ટેમ્બર માટે ઈન્ડિયા ફ્લેશ પીએમઆઈ અંદાજ અપેક્ષા કરતા વધુ સારો હતો. આ મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરમાં પ્રવૃત્તિ મજબૂત થવાનો સંકેત આપે છે. હોર્મુઝ સામુદ્રાધુની ખોલવાના મુદ્દે અમેરિકા અને ઈરાન શું નિર્ણય લે છે, તેની ઉપર બજારની નજર રહેશે અને ક્રુડના ભાવની વધઘટ બજારની ચાલ નક્કી કરશે.

યુએસ યીલ્ડ અને ફેડની નીતિ પણ ભારતીય શેરબજાર માટે બીજા મુખ્ય બાહ્ય પરિબળ છે, યુએસ બોન્ડ યીલ્ડ. યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો ઉભરતી બજારની સંપત્તિ પર દબાણ વધારી શકે છે. રોકાણકારો આગામી યુએસ આર્થિક ડેટા અને ફેડરલ રિઝર્વના અધિકારીઓની ટિપ્પણીઓમાંથી વ્યાજ દરની દિશાના સંકેતો શોધી રહ્યા છે.

વ્યાજ દરના વલણો વૈશ્વિક પ્રવાહિતાને અસર કરે છે કરે છે. જો યુએસ રેટ ઊંચા રહેશે તો ડોલર આધારિત રોકાણ ટ્રેક્શન મેળવી શકે છે અને ભારત જેવા ઉભરતા બજારોમાં વિદેશી મૂડીના પ્રવાહ પર દબાણ લાવી શકે છે. આ જ કારણ છે કે યુએસના આર્થિક ડેટા અને ફેડ સિગ્નલો આવતા અઠવાડિયે ભારતીય બજાર માટે મહત્વપૂર્ણ રહેશે.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.80 રૂ. |
| યુરો | 109.16 રૂ. |
| પાઉન્ડ | 126.83 રૂ. |
| યેન | 0.6070 રૂ. |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૭૭૦ |
| તેજાબી સોનું | ૧૫૫૬૮૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૯૮૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૨૬૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૭૭૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૭૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૮૫૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૯૦૦ |
| એસ-30 | ૪૮૦૦ |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ ’’ | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ ’’ | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

# સરકાર બીજા અર્ધવાર્ષિક ગાળામાં રૂ. 7.86 લાખ કરોડ ઉધાર લેશે

**કેન્દ્ર** સરકારનું ઓછું દેવું લેવાનું આયોજનઃ વાર્ષિક બોરોઈંગ ઘટીને રૂ. 16 લાખ કરોડ થશે

નવી દિલ્હી, તા. 26ઃ ભારત સરકાર નાણાકીય વર્ષ 2026-27ના બીજા છ મહિનામાં સરકારી સિક્યોરિટીઝ દ્વારા રૂ. 7.86 લાખ કરોડ એકત્ર કરશે. નાણાં મંત્રાલયે 25 સપ્ટેમ્બરના રોજ સપ્ટેમ્બરના બીજા ભાગમાં ઉધાર લેવાનો કાર્યક્રમ બહાર પાડ્યો છે.

સમગ્ર નાણાકીય વર્ષ માટે કેન્દ્રનું બજાર ઋણ આશરે 16 લાખ કરોડ રૂપિયા રહેવાની ધારણા છે. આ બજેટમાં અંદાજિત રૂ. 17.20 લાખ કરોડ કરતા લગભગ 1.20 લાખ કરોડ રૂપિયા ઓછું છે. સરકારે અપેક્ષા કરતા બજારમાંથી ઓછા નાણા એકત્ર કરવા પડશે. આ નાણાકીય વર્ષ 2026-27માં જીડીપીના 4.3 ટકાના રાજકોષીય ખાધના લક્ષ્યને અનુરૂપ છે. સરકાર 3, 5, 7. 10, 15, 30. 40 અને 50 વર્ષની મુદત ધરાવતી સિક્યોરિટીઝ જારી કરશે. સરકાર દ્વારા લાંબા સમય સુધી તેની દેવાની જરૂરિયાતો ફેલાવવા માટે વિવિધ સમયગાળાની સિક્યોરિટીઝનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં 10 વર્ષની સરકારી સિક્યોરિટીઝનો હિસ્સો સૌથી વધુ 26.3 ટકા રહેશે. આ પછી 15 વર્ષની સિક્યોરિટીઝનો હિસ્સો 17.6 ટકા રહેશે. 5 વર્ષની સિક્યોરિટીઝનો હિસ્સો 12.1 ટકા અ 3 વર્ષની સિક્યોરિટીઝનો હિસ્સો 6.9 ટકા રહેશે.

લાંબા ગાળાની સિક્યોરિટીઝમાં 7 વર્ષનો હિસ્સો 9.1 ટકા, 30 વર્ષનો હિસ્સ 9.2 ટકા, 40 વર્ષનો હિસ્સો 8.9 ટકા અન્ 50 વર્ષનો હિસ્સો 9.9 ટકા રહેશે. આ રીતે, સરકારના બીજા ભાગના ઉધારમાં ટુંકા અને લાંબા ગાળાના દેવાનું મિશ્રણ છે.

# નોટિસમાં યંત્રવત રીતે છેતરપિંડી કરેલ છે વિ. આરોપો જણાવવા પૂરતું નથી એમ જણાવી નોટિસ અને ઓર્ડર રદ કરતો

**નામદાર સુપ્રિમ કોર્ટનો અગત્યનો ચૂકાદો**

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

જીએસટી કાયદાનો અમલ શરૂ થયો ત્યારથી અધિકારીઓનો અભિગમ કલમ 74 હેઠળ માંગણું ઊભું કરવા તરફ રહ્યો છે. કારણ કે કલમ 74 હેઠળ આદેશ પસાર કરવા વધૂ સમય મળે છે, વધુ દંડ કરવાની સત્તા પ્રાપ્ત થાય છે ત્યારે... તાજેતરમાં દેશની ખૂબ પ્રતિષ્ઠિત કંપની ટાટા સ્ટીલ લી.ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે કલમ 74 હેઠળ મળેલ સત્તાનો ખોટો યંત્રવત ઉપયોગ ગેરકાયદેસર હોવાનું ઠરાવ્યું છે. ખેર! નામદાર સુપ્રિમ કોર્ટના ટાટા સ્ટીલ લી. વિ. યુનિયન ઓફ ઇન્ડિયા સ્પે. લી.પી.નં. 16859/2026ના તા. 25.8.2026ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

**હકીકત...**

ટાટા સ્ટીલ લી.ના કેસમાં એજી એડિટ દ્વારા 2018-19, 2019-20, અને 2020-21 માટે ઇન્પૂટ ટેક્ષ ક્રેડિટની વિસંગતા તેમજ વર્ષ 2019-20માં ઓછો વેરો ભરવા બાબતે વાંધો લેવામાં આવેલ, જેના અનુસંધાને કંપની દ્વારા જવાબ આપવામાં આવેલ. ત્યારબાદ ખાતા તરફથી તા. 13.6.25ના રોજ કારણદર્શક નોટિસ બજાવવામાં આવી. પરંતુ અધિકારી ઉભા કરવામાં આવેલ વાંધાઓ સાથે સંમત ન હોવાથી, નોટિસનો અમલ સ્થગિત કરવામાં આવ્યો અને વાંધાઓ સામે રજૂઆત કરવામાં આવી. પરંતુ સમયમર્યાદા પૂર્ણ થતી હોવાથી, ફરીથી નોટિસ આપી, કલમ 74ની આકારણીની કાર્યવાહી શરૂ કરવામાં આવતા આ નોટિસને નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષ અપીલ કરી પડકારવામાં આવી.

**દલીલ...**

કંનીના વિદ્વાન કાઉન્સેલે દલીલ કરતા જણાવ્યું કે નોટિસમાં છેતરપિંડી વિ. કોઇ આરોપો હતા નહીં. ઉલટું અધિકારી પણ માનતા હતા કે એજી ઓડિટ યોગ્ય ન હતું અને બજાવેલ પ્રથમ નોટિસનો અમલ સ્થગિત રાખવામાં આવેલ. આમ કલમ 74 હેઠળની સમગ્ર કાર્યવાહી ગેરકાયદેસર છે.

**ચૂકાદો...**

નામદાર સુપ્રિમ કોર્ટના મતે કલમ 73 કે કલમ 74 હેઠળની કાર્યવાહી જો અધિકારીને સંતોષ થાય તો જ કરી શકાય. કલમ 74 હેઠળ કાર્યવાહી કરવા અધિકારીને એ વાતનો સંતોષ થયો હોવો જોઇએ કે છેતરપીંડી વિ. કારણે ટેક્ષ ક્રેડિટમાં વિસંગતતા કે ઓછો વેરો ભરાયો હોય. હકીકતમાં તો ખાતા દ્વારા જ ઓડિટના વાંધાઓ સામે પબ્લિક એકાઉન્ટસ કમીટી સમક્ષ રજૂઆત કરવામાં આવેલ. વળી નોટિસમાં હકીકતો છુપાવ્યા બાબતમાં કોઇ દસ્તાવેજી પૂરાવા જ ન હતા અને ફક્ત ખોટી ક્રેડિટ લીધી હોવાના પાયાવિહોણા આક્ષેપો હતા. કોઇ વ્યકિતએ છેતરપીંડી કરેલ છે વિ. બાબતો નોટિસમાં સાબિત થવી જોઇએ. ફક્ત તેવું કરેલ છે તેમ જણાવવું પૂરતું નથી. એમ જણાવી ના. સુપ્રિમ કોર્ટે બજાવવામાં આવેલ નોટિસ તથા તેને આધારે પસાર થયેલ આદેશ, કાયદામાં ટકી શકે એમ નથી એમ જણાવી દૂર કરેલ છે.

# 1 ઓક્ટોબરથી કોલસા-આધારિત પ્લાન્ટ્સ 100% ક્ષમતા પર ધમધમશે

**વીજ** સંકટ સામે સરકાર એક્શન મોડમાંઃ 100થી વધુ ‘કેપ્ટિવ’ પાવર પ્લાન્ટ્સને ફૂલ કેપેસિટી પર ચલાવવાનો આદેશ

**કેન્દ્ર** સરકારે કટોકટીની કલમ 11 લાગુ કરી

મુંબઈ, તા. 26ઃ વીજળીની માંગમાં થનારા સંભવિત વધારાને પહોંચી વળવા માટે, ભારતે ૧ ઓક્ટોબરથી વર્ષના અંત સુધી 100થી વધુ ‘કેપ્ટિવ’ કોલસા-આધારિત વીજ મથકોને તેમની મહત્તમ ક્ષમતા પર ચલાવવાનો આદેશ આપ્યો છે. વીજળી કાયદાની ઈમર્જન્સી પ્રોવિઝન હેઠળ લાગુ કરાયેલ ફેડરલ પાવર મંત્રાલયનો આદેશ ઓછામાં ઓછા 50 મેગાવોટની સ્થાપિત ક્ષમતા ધરાવતા પ્લાન્ટ્સને લાગુ પડે છે, જેનો હેતુ “આગામી મહિનાઓમાં વીજળીની માંગમાં અપેક્ષિત વધારો” ને પહોંચી વળવાનો છે.

અલ નીનોની હવામાનને લગતી ઘટનાના કારણે તાપમાન સામાન્ય કરતા વધુ વધી રહ્યું હોવાથી વીજળીની માંગમાં વધારાને કારણે લગભગ 40 ટકા કોલસા આધારિત પ્લાન્ટ અત્યંત ઓછા ઈંધણ સ્ટોક સાથે કાર્યરત છે. આ પ્લાન્ટ મુખ્યત્વે એલ્યુમિનિયમ સ્મેલ્ટર્સ, સ્ટીલ ઉત્પાદકો, સિમેન્ટ ફેક્ટરીઓ અને તેલ રિફાઈનરીઓ જેવી ઔદ્યોગિક સુવિધાઓને સેવા આપે છે.

વીજળી મંત્રાલયે જનરેટર્સને પાવર એક્સચેન્જ દ્વારા વધારાની વીજળી વેચવાનો નિર્દેશ આપ્યો છે.